ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ક્રમાંક/B.K.N.M.U./N.S.S./104/2026 તા. 28/07/2026

**વિષય** – સ્વાવલંબી ભારત અભિયાનના સહયોગથી ૨૧ ઓગષ્ટ – વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ (World Entrepreneurship Day) તરીકે ઉજવવા બાબત.

**સંદર્ભ** – 1.- સ્વદેશી જાગરણ મંચના તા. ૧૮-૦૭-૨૦૨૬ ના પત્ર મુજબ.

2.- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૨૪-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસચ/૨૦૨૬/૫૦૧૫-૫૫૭૫ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, માન. પ્રધાનમંત્રીશ્રીના **"આત્મનિર્ભર ભારત"**ના સંકલ્પને તેમજ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦**માં ઉદ્યોગસાહસિકતા, નવીનતા, કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જનને અપાયેલા વિશેષ પ્રાધાન્યને ધ્યાનમાં રાખી યુનિવર્સિટી સંલગ્ન NSS યુનિટ ધરાવતી તમામ કોલેજોએ પોતાના અધિકાર ક્ષેત્ર હેઠળ દર વર્ષે **૨૧ ઓગષ્ટ** ના રોજ **વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ**ની ઉજવણી કરવાનું જણાવવામાં આવે છે.

આ ઉજવણીનો મુખ્ય હેતુ NSS યુનિટમાં કાર્યરત સ્વયંસેવકો, કોલેજના વિદ્યાર્થીઓ તેમજ યુવાનોમાં આત્મનિર્ભરતા, ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને સ્વરોજગારની ભાવના વૃદ્ધિ કરવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદ્દેશ્યોને અનુરૂપ NSS યુનિટ ધરાવતી કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓમાં ઉદ્યોગ સાહસિકતા માટે વાતાવરણ ઉભું કરવું જરૂરી છે. આ ઉજવણી અંતર્ગત આયોજીત કરવાના કાર્યક્રમોની માહિતી સંદર્ભ દર્શિત પત્રમાં જણાવવામાં આવેલ છે. આ પહેલથી સ્વયંસેવકો/વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ અને સમસ્યા નિવારણની ક્ષમતાનો વિકાસ, સ્વરોજગાર અને રોજગાર સર્જનને પ્રોત્સાહન, કોલેજોમાં વધુ મજબુત સ્ટાર્ટઅપ અને ઇનોવેશન વગેરેનો અસરકારક સમન્વય થતા સ્વયંસેવકો/વિદ્યાર્થીઓના નવીનતમ આર્થિક વિકાસને વેગ અને ફાયદાઓ મળે છે. સદર દિવસની ઉજવણી એન.એસ.એસ. યુનિટ ધરાવતી કોલેજોએ ખાસ કરવી.

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**બિડાણ : -**

- સંદર્ભ દર્શિત પત્રની નકલ.

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh - 362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર. :- રસય/૨૦૨૬/ ૫૦૧૫ - ૫૫૭૫ તા.૨૪ / ૦૭ /૨૦૨૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ
આચાર્યશ્રી, તમામ કોલેજો
ગુજરાત રાજ્ય.

**વિષય: સ્વાવલંબી ભારત અભિયાનનાં સહયોગથી ૨૧ ઓગસ્ટ- વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ (World Entrepreneurship Day) તરીકે ઉજવવા બાબત.**

**સંદર્ભ: (૧)અધિક અંગત સચિવશ્રી નો તા-૦૧/૦૭/૨૦૨૬ નો પત્ર ક્રમાક/અ.અં.સ/સા.ન્યા.અ/પ્રા .મા.પ્રૌ/જન/૨૩૭૧/૨૦૨૬**
**(૨) સ્વદેશી જાગરણ મંચનો ૧૮/૦૭/૨૦૨૬નો પત્ર**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રીના **"આત્મનિર્ભર ભારત"**નાં સંકલ્પ તેમજ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦**માં ઉદ્યોગસાહસિકતા, નવીનતા, કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જનને અપાયેલ વિશેષ પ્રાધાન્યને ધ્યાનમાં રાખી ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સ્વાવલંબી ભારત અભિયાનના સહયોગથી દર વર્ષે **૨૧ ઓગસ્ટ**નાં રોજ **વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ**ની રાજ્યવ્યાપી ઉજવણી કરવાની રજૂઆત મળેલ છે.

સ્વાવલંબી ભારત અભિયાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં આત્મનિર્ભરતા, ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને સ્વરોજગારની ભાવના વિકસાવવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના ઉદ્દેશ્યોને અનુરૂપ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉદ્યોગ સાહસિકતા માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવું આવશ્યક છે.

- આ ઉજવણી અંતર્ગત નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરી શકાય:

➢ અગ્રણી ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સ્થાપકો તથા ઉદ્યોગ નિષ્ણાતોના પ્રેરણાત્મક વ્યાખ્યાનોનું આયોજન.
➢ સ્ટાર્ટઅપ ઇનોવેશન ચેલેન્જ, બિઝનેસ આઇડિયા સ્પર્ધા અને પિચિંગ સ્પર્ધાઓનું આયોજન.
➢ ડિઝાઇન થિંકિંગ, ઇનોવેશન, બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) તથા સ્ટાર્ટઅપ ફંડિંગ વિષયક કાર્યશાળાઓ (Workshops).
➢ સફળ MSME ઉદ્યોગસાહસિકો અને સંસ્થાના ભૂતપૂર્વ ઉદ્યોગસાહસિક વિદ્યાર્થીઓ સાથે સંવાદનું આયોજન.
➢ વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત સ્ટાર્ટઅપ, પ્રોટોટાઇપ અને નવીન ઉત્પાદનોનું પ્રદર્શન.
➢ સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન, સ્વરોજગાર અને સરકારની વિવિધ સ્ટાર્ટઅપ યોજનાઓ અંગે માર્ગદર્શન આપતા કાર્યક્રમનું આયોજન.

આ પહેલથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ અને સમસ્યા નિરાકરણની ક્ષમતાનો વિકાસ, સ્વરોજગાર અને રોજગાર સર્જનને પ્રોત્સાહન, યુનિવર્સિટીઓમાં વધુ મજબૂત સ્ટાર્ટઅપ અને ઇનોવેશન

Scanned with OKEN Scanner

ઇકોસિસ્ટમ, ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન ક્ષેત્ર વચ્ચે વધુ અસરકારક સમન્વય તથા નવીનતા આધારિત આર્થિક વિકાસને વેગ જેવા અનેક ફાયદાને અવકાશ છે. જેના થકી વિકસિત ભારત-2047ના રાષ્ટ્રીય વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.

સદર ઉજવણી દરેક યુનિવર્સિટી અને કોલેજોમાં કરવાની રહેશે પરંતુ અત્રેથી પસંદ કરેલ યુનિવર્સિટી અને કોલેજોમાં આ વિષય અન્વયે વિશેષ મહાનુભાવો દ્વારા ગોષ્ટિનું આયોજન કરેલ છે. જે અન્વયે મહાનુભાવોનું નામ, સંપર્ક નં., મુલાકાતનો સમય અને તારીખ જે-તે સંસ્થાને ટૂંક સમયમાં પહોંચાડવામાં આવશે. આ સંસ્થાઓમાં વધુને વધુ વિદ્યાર્થીઓ હાજર રહી પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તેવું કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ સારૂ:</u>

- અધિક અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય, ગુ.રા.,ગાંધીનગર-૩૮૨૦૧૦
- સ્વદેશી જાગરણ મંચ, નારણપુરા, અમદાવાદ- ૩૮૦૦૧૩

Scanned with OKEN Scanner

# સ્વદેશી જાગરણ મંચ
ગુજરાત પ્રાંત

REG NO. E/10188 DATE 01/01/1994

REF NO:

7, Suryodaya Flats, Near Nakshi Furniture, Naranpura, Ahmedabad - 380013


તારીખ : 18 જુલાઈ 2026

પ્રતિ,

શ્રી દિલીપકુમાર રાણા, આઈ.એ.એસ.

કમિશનરશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

વિષય: સ્વાવલંબી ભારત અભિયાનના સહયોગથી ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં દર વર્ષે 21 ઓગસ્ટ – વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ (World Entrepreneurship Day) ની ઉજવણી કરવા બાબત.

માનનીય મહોદય,

સાદર વંદન.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના *"આત્મનિર્ભર ભારત"ના સંકલ્પ તેમજ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 (NEP-2020)*માં ઉદ્યોગસાહસિકતા, નવીનતા, કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જનને અપાયેલ વિશેષ પ્રાધાન્યને ધ્યાનમાં રાખી, ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સ્વાવલંબી ભારત અભિયાનના સહયોગથી દર વર્ષે 21 ઓગસ્ટ – વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવે તેવી નમ્ર રજૂઆત કરું છું.

આજના સમયમાં ઉદ્યોગસાહસિકતા માત્ર કારકિર્દીનો વિકલ્પ નથી, પરંતુ તે રાષ્ટ્રના આર્થિક વિકાસ, નવીનતા, આત્મનિર્ભરતા અને રોજગાર સર્જનનો મુખ્ય આધારસ્તંભ બની છે. ગુજરાતની ધરતી ઉદ્યોગસાહસિકતા માટે વિશ્વભરમાં આગવું સ્થાન ધરાવે છે. રાજ્યના યુવાનોમાં નવી વિચારસરણી, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ અને રોજગાર સર્જવાની અદભૂત ક્ષમતા રહેલી છે. જો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આ દિવસનું આયોજન કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં નવીન વિચારોને સફળ ઉદ્યોગમાં પરિવર્તિત કરવાની પ્રેરણા અને આત્મવિશ્વાસ વધશે.

**આ ઉજવણી અંતર્ગત નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરી શકાય:**

1. અગ્રણી ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સ્થાપકો તથા ઉદ્યોગ નિષ્ણાતોના પ્રેરણાત્મક વ્યાખ્યાનો.
2. સ્ટાર્ટઅપ ઇનોવેશન ચેલેન્જ, બિઝનેસ આઈડિયા સ્પર્ધા અને પિચિંગ સ્પર્ધાઓ.
3. ડિઝાઇન થિંકિંગ, ઇનોવેશન, બૌદ્ધિક સંપદા અધિકાર (IPR), કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સ્ટાર્ટઅપ ફંડિંગ તથા ટેક્નોલોજી કોમર્શિયલાઇઝેશન વિષયક કાર્યશાળાઓ.
4. સફળ MSME ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સ્થાપકો તથા સંસ્થાના ભૂતપૂર્વ ઉદ્યોગસાહસિક વિદ્યાર્થીઓ સાથે સંવાદ.
5. વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત સ્ટાર્ટઅપ, પ્રોટોટાઇપ, સંશોધન આધારિત નવીન ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન.
6. સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન સેન્ટર, સ્વરોજગાર, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તથા નાણાકીય સહાય અંગે માર્ગદર્શન.

30/5

swadeshijagranmanchgujarat@gmail.com

Scanned with OKEN Scanner

# સ્વદેશી જાગરણ મંચ
## ગુજરાત પ્રાંત
REG NO. E/10188 DATE 01/01/1994

REF NO:

7, Suryodaya Flats, Near Nakshi Furniture, Naranpura, Ahmedabad - 380013


સ્વાવલંબી ભારત અભિયાન સમગ્ર દેશમાં આત્મનિર્ભરતા, ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને રોજગાર સર્જન માટે સતત કાર્યરત છે. આ અભિયાનનો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથેનો સહયોગ વિદ્યાર્થીઓમાં સ્વરોજગારની ભાવના, નવીન વિચારસરણી અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

**આ પહેલથી નીચે મુજબના મહત્વપૂર્ણ લાભો પ્રાપ્ત થશે:**

- વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ અને સમસ્યા નિરાકરણની ક્ષમતાનો વિકાસ થશે.
- યુનિવર્સિટીઓમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ઇકોસિસ્ટમ વધુ મજબૂત બનશે.
- ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન ક્ષેત્ર વચ્ચે વધુ અસરકારક સમન્વય સર્જાશે.
- સ્વરોજગાર અને રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે.
- નવીનતા આધારિત આર્થિક વિકાસને વેગ મળશે.
- વિકસિત ભારત-2047ના રાષ્ટ્રીય વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.

આપશ્રી આ રજૂઆતને હકારાત્મક રીતે વિચારણા કરી રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા તેમની સંલગ્ન કોલેજોમાં દર વર્ષે 21 ઓગસ્ટ – વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ પ્રદાન કરશો તેમજ આ અભિયાનમાં સ્વાવલંબી ભારત અભિયાનને સહભાગી બનવાની તક આપશો તેવી નમ્ર વિનંતી.

આપશ્રીના માર્ગદર્શન અને આશીર્વાદથી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને સ્વાવલંબનની નવી ચેતના જાગૃત થશે અને તેઓ રોજગાર શોધનાર નહીં પરંતુ રોજગાર સર્જનાર બની રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી પૂર્ણ આશા છે.

આપના હકારાત્મક પ્રતિસાદની અપેક્ષા સાથે.

સાદર,

**શ્રી નિર્મલ પટેલ**
ગુજરાત પ્રાંત સહ સંયોજક
સંપર્ક : 8733086859

**ડૉ જયભાઈ ધ્રુવ**
ગુજરાત પ્રાંત સંપર્ક પ્રમુખ
સંપર્ક : 9574347528

swadeshijagranmanchgujarat@gmail.com

Scanned with OKEN Scanner